રાજ્ય ચૂંટણી આયોગ,
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૮–૭–૨૦૧૮

## –:: અખબારી યાદી ::–

**બે મહાનગરપાલિકાઓની બે બેઠકો માટેની પેટા ચૂંટણીમાં પ્રાથમિક અંદાજો પ્રમાણે થયેલ મતદાનની ટકાવારી**

રાજ્ય ચૂંટણી આયોગે રાજ્યની વડોદરા મહાનગરપાલિકાના વોર્ડ નં.૧૧ની એક બેઠક તથા જૂનાગઢ મહાનગરપાલિકાના વોર્ડ નં.૧૫ની એક બેઠકની પ્રસંગોપાત ખાલી પડેલ એમ મળી કુલ બે બેઠકોની પેટા ચૂંટણી તા.૦૮–૦૭–૧૮ના રોજ યોજવા તા.૧૧–૦૬–૨૦૧૮ના રોજ કાર્યક્રમ જારી કરેલ.

ઉક્ત બે મહાનગરપાલિકાઓની બે બેઠકો માટેની પેટા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના–૨, અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના–૨ એમ મળી કુલ ૪ ઉમેદવારો હરીફાઈમાં રહેલ છે.

પેટાચૂંટણી હેઠળની મહાનગરપાલિકામાં વીજાણું મતદાન યંત્રો (ઈ.વી.એમ.) દ્વારા મતદાન લેવામાં આવેલ છે. આજરોજ મળેલ પ્રાથમિક અહેવાલ મુજબ બે મહાનગરપાલિકાઓની ઉક્ત બે બેઠકોમાં સરેરાશ **૨૬.૨૯** ટકા મતદાન થયાના અહેવાલો મળેલ છે. મતદાન એકંદરે શાંતિપૂર્ણ સંપન્ન થયેલ છે. કોઈ અનિચ્છનીય બનાવ બનેલ નથી.

મત ગણતરી તા.૧૦–૦૭–૨૦૧૮ના રોજ હાથ ધરવામાં આવશે. વીજાણું મતદાન યંત્રોથી ચૂંટણી થયેલ હોવાથી બપોર સુધીમાં પરિણામો જાહેર થશે.

રાજ્ય ચૂંટણી આયોગ શાંતિપૂર્ણ મતદાન માટેના સહયોગ બદલ મહાનગરપાલિકાના પેટા ચૂંટણી હેઠળના મતદારો, રાજકીય પક્ષો, ઉમેદવારો, મીડીયા, ચૂંટણી સાથે સંકળાયેલા તમામ અધિકારીઓ / કર્મચારીઓ તથા પોલીસ તંત્ર અને જાહેર જનતાનો આભાર માને છે.

**ક્રમાંક: રાચઆ–ચટણ–સ્થા.સ્વ.૧૩–૭૨૦૧૮–ક**

**સંયુક્ત ચૂંટણી કમિશ્નર**
**રાજ્ય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

**પ્રતિ,**
**માહિતી કમિશ્નરશ્રી,**
**ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર**
**ઈલેક્ટ્રોનિક મીડિયામાં તેમજ જુદા જુદા વર્તમાનપત્રોમાં વિનામૂલ્યે અખબારીયાદી પ્રસિધ્ધ થાય તે જોવા વિનંતી સહ.**
**નકલ રવાના :–**
**રાજ્ય ચૂંટણી આયોગના સર્વે અધિકારીઓ / સર્વે શાખાઓ**

Scanned by CamScanner